**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૨૧ ટકા

# શહેરમાં ચોમાસા પહેલા કાદવ-કિચડના દ્રશ્યો

## સે-૨૭ આનંદનગર સોસાયટીમાં પાઈપલાઈનના ખોદકામમાં ગંભીર બેદરકારીના કારણે કાદવ-કિચડ સર્જાયો : ૫૦-૫૦ ફુટ જેટલા ઉંડા ખાડા પડતાં વાહનો ફસાતાં સ્થાનિકો ત્રસ્ત






ગાંધીનગર, તા.૯

પાટનગરમાં વરસાદી દિવસોમાં જે દ્રશ્યો સર્જાતા હોય છે કાદવ-કિચડવાળા તેવા દ્રશ્યો હાલમાં સર્જાયેલા જોવા મળી રહયા છે. વર્ષાઋતુ પહેલા લોકો હેરાન-પરેશાન થઈ રહયા છે.

શહેરમાં જુના સેકટરોમાં પાણીની અને ગટરની નવી લાઈનો નાંખવાની કામગીરી ચાલી રહી છે. જેમાં ખોદકામ કરતીવખતે જેસીબી મશીનવાળાની બેદરકારી અને જવાબદાર કોન્ટ્રાકટરની બેદરકારીના કારણે આવા દ્રશ્યો સર્જાયા છે.

આ તસવીર સેકટર-૨૭ના આનંદનગરની છે. જયાં ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થવાના કારણે વસાહતીઓના વાહનો ફસાઈ ગયા હતા રાત્રી દરમિયાન જો પુરતી લાઈટ ના હોય તો આ સમયે બહાર નીકળતાં પ્રજાજનોને શારીરિક હાનિ થવાની ભીતી છે. સોસાયટીમાં મુકત રીતે ફરતા અબોલ પશુઓ પણ આમા ફસાઈ જવાની શકયતા રહેલી છે. તાજેતરમાં આનંદનગરમાં પ્લોટ નં.૧૭૨ અને ૧૭૩ સામેની ગટર લાઈન તુટી ગયેલ છે અને લાઈનનું જોડાણ કર્યા વગર જ પુરાણ કરી દેવાયું છે.

તેથી સ્થાનિક નાગરિકોએ તેનું કામ તાત્કાલિક કરાવી આપવામાં આવે તેવી માંગણી વ્યકત કરી હતી. સ્થાનિક નાગરિકો સાથે વાત કરતાં જાણવા મળ્યું કે જેસીબીના ડ્રાઈવર દ્વારા અણઘડ અને અત્યંત ઝડપથી કામગીરી કરવામાં આવે છે જેના કારણે પાણીની અને ગટરની જુની લાઈનો તેમજ ઘરેલુ ગેસ પુરો પાડતી પાઈપલાઈનો તુટવાના દ્રશ્યો સર્જાઈ રહયા છે.

આ સમસ્યાનું યોગ્ય રીતે નિરાકરણ સમયસર નહીં થાય તો જે-તે અસરકર્તા વિસ્તારમાં રહેતા નાગરિકોને રોજેરોજ મુશ્કેલીઓ વેઠવી પડશે. કામ ચાલી રહયું હોય ત્યારે પોતાનો સમય કાઢીને જે-તે વિસ્તારના રહીશો દ્વારા જેસીબીના ડ્રાઈવરોને નુકશાન ન થાય તે રીતે કામ થાય તેવી વિનંતી કરવામાં આવે છે તેમ છતાં તેઓ કોઈને ગાંઠતા ન હોવાનું સામે આવ્યું છે.

જેસીબી મશીન અને કામદારોના યોગ્ય મનમેળથી અને કોન્ટ્રાકટરના જવાબદાર વ્યક્તિ અને તંત્રના યોગ્ય જવાબદાર કર્મચારીના સતત નિરિક્ષણ હેઠળ આ કામગીરી કરવામાં આવે તેવી માંગણી થઈ રહી છે સાથે જ આ ૫૦-૫૦ ફુટના અંતરે ખાડા પડી ગયેલા છે તે તાત્કાલિક ધોરણે મરામત કરવામાં આવે તેવી પણ ઉગ્ર માંગણી કરવામાં આવી રહી છે.

## સેકટર-૧૩ની શ્રમજીવી વસાહતના બાળકો માટે મિષ્ટાન્ન ભોજન પ્રસાદનું આયોજન



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની સેકટર-૧૩ની શ્રમજીવી વસાહતના ૧૭૦ જેટલાં બાળકોએ મિષ્ટાન્ન ભોજન માણ્યું હતું. ડૉ. મૃગેશભાઈ સોલંકીના પરિવાર દ્વારા અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી સ્વ. વિશાખાબેનની દ્વિતીય માસિક પુણ્યતિથિ નિમિત્તે આ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો દ્વારા શરૂમાં પ્રાર્થના, ગીત રજૂ કરવામાં આવ્યા હતા. બાળકોએ કેરીના રસ સાથેના ભોજનનો આનંદ માણ્યો હતો.

આ વેળા ડૉ.મૃગેશભાઈ સોલંકી, રમણભાઈ સોલંકી, હીરાબેન સોલંકી, મહેન્દ્રભાઈ પરમાર, આત્મન સંસ્થાના પ્રજ્ઞાબેન પટેલ, સવિતાબેન માછી, કપિલાબેન માછી, રાજેન્દ્રભાઈ રાવલ, સોલંકી પરિવાર - ભાડજ તથા પરિવારના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. સેકટર -૧૩ની સરકારી પ્રાથમિક શાળાના પરિસરમાં યોજાયેલ આ પ્રસંગે બાળકોને સહુએ ખૂબ પ્રેમથી ભોજન પીરસ્યું હતું.

## સરગાસણમાં શ્રીરામ કથા હર્ષોલ્લાસ સાથે સંપન્ન

### કથા દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા, મારૂતીયજ્ઞ અને મહાપ્રસાદનો લાભ લઈ સૌ ધન્ય બન્યા



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સરગાસણની ટીપી-૯માં પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત શ્રી રામકથા હર્ષોલ્લાસ સંપન્ન થઈ હતી. ૬૦ થી વધુ સોસાયટીની ધર્મપ્રેમી જનતાએ આ કથાનો લ્હાવો લીધો હતો. પૂરાણાચાર્ય-માનસરત્ન કથાકાર રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજીની મધુર વાણીમાં યોજાયેલ આ કથામાં દાતાઓએ દાનનો પ્રવાહ વહાવી દઈ ધર્મ પ્રત્યેની આસ્થાને જાગૃત રાખી હતી. ટ્રસ્ટના હોદ્દેદારો, સભ્યો અને કાર્યકરોએ આ ધાર્મિક પ્રસંગમાં તન-મન અને ધનથી પોતાનુ યોગદાન આપ્યુ હતુ.

શ્રી રામકથામાં નવ દિવસ સુધી મોટી સંખ્યામાં લોકો કથાશ્રવણ કરવા આવતા હતા. દસમા દિવસે ઈન્દ્રવદનભાઈ મહંત દ્વારા મારૂતિયજ્ઞ કરાયો હતો અને મહાપ્રસાદનું આયોજન થયું હતું. કથા દરમ્યાન રામદેવપીરનો પાઠ, સુંદરકાંડ, કાલુપૂર મહિલા ભજન મંડળ, બ્લડ ડોનેશન કેમ્પ, લિમડા ગૃપના નિલકંઠ આનંદ ગરબા મંડળના ગરબા, વસાહતના રાસ ગરબા તથા હરહંમેશ દરેક ધાર્મિક પ્રવૃત્તિમાં તન-મન અને ધનથી યોગદાન આપનાર શ્રી શરણંમ સોસાયટી મિત્રમંડળ તરફથી લોકડાયરાનું સુંદર આયોજન થયું હતું. આ કાર્યક્રમો સાથે ધારાસભ્ય રીટાબેન પટેલ, અલ્પેશજી ઠાકોર, મેયર હિતેશભાઈ મકવાણા, રાજકીય અગ્રણી હિતેન્દ્રભાઈ પટેલ, ગજાનન આશ્રમ માલસરના પ.પૂ. ગુરૂજી, ગૌ પ્રેમી કાલીદાસ મહારાજ, અંબુજી ગોલ, ઉમિયા સંસ્થાનના ગણેશભાઈ પટેલ, લેઉઆ પટેલ સમાજના ગગજીભાઈ ગોલાણી, સમસ્ત બ્રહ્મસમાજના હોદ્દેદારો, શિવ ઉપાસક જિતેન્દ્રદાદા ઉપસ્થિત રહી પ્રસંગ અનુરૂપ યોગદાન આપ્યુ હતુ. શ્રી રામકથામાં સરગાસણ ટીપી-૯ના નાના મોટા ધંધાર્થીઓ, વેપારીઓએ દાન આપી સહકાર પૂરો પાડ્યો હતો. પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ નમેશ, મંત્રી હિંમતભાઈ પટેલ સહિત તમામ સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. જેમાં યુવાન કાર્યકરો જીનેશ પટેલ, ભાવેશ પટેલ, દેવ પટેલ, આર્યન પ્રજાપતિ, વેદાંત નાયી, બાદલ મખીજાની, પ્રસંગ નમેશે ખુબ જ પરિશ્રમ કરી નાની ઉંમરે પણ ધાર્મિક પ્રવૃત્તિમાં રસ લઈ હાજર સૌમાં આકર્ષિત બન્યા હતા. વકતા પૂનમભાઈ પંચાલ, સુમનભાઈ પટેલ, જયેશભાઈ શાહ દ્વારા સૌ કોઈને આભાર વ્યકત કરી સરગાસણની પવિત્ર ભૂમિ ઉપર ધાર્મિક પ્રવૃતિઓમાં સૌનો સહકાર મળી રહે તેવી અપેક્ષા રાખી હતી.

## જન્મદિને વધામણી


ડિમ્પલ દેસાઈ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના


ડો. વલ્લરી વંકાણી
મો. ૯૪૨૬૩ ૯૯૦૨૨


શાન્વી ચિંતન ઠક્કર
મો. ૯૯૯૯૧ ૨૭૦૦૦


અશોકભાઈ પરમાર
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ


પ્રફુલ એ.શર્મા

## સે.૪ના તળાવમાંથી કચરો ઉલેચવાનું શરૂ કરતાં પ્રકૃતિપ્રેમીઓમાં આનંદ

### શહેરના વાસણા હડમતીયા અને વાવોલ સહિતના અન્ય કુદરતી તળાવો પણ બચાવાય તેવી લાગણી



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૪ના તળાવમાં છેલ્લાં કેટલાક સમયથી તોડી પડાયેલાં જુના મકાનોના ઈંટ-રોડાં જેવા બાંધકામના ભંગારને ઠાલવવાની પ્રવૃત્તિ ચાલી રહી હતી. આ પ્રવૃત્તિના કારણે તળાવ પુરાવા લાગ્યું હતું છે જેના કારણે તેમની જળ સંચયની જગ્યા ઓછી થઈ રહી હતી જે ભવિષ્યમાં શહેરના પર્યાવરણ માટે નુકસાનકારક સાબિત થઈ શકે તેમ છે. જોકે ભૂગર્ભ જળ માટે ઉપયોગી એવા સે.૪ના આ તળાવમાંથી આજે શહેરના વહિવટી તંત્ર દ્વારા કચરો ઉલેચવાનું કાર્ય શરૂ કરાતાં શહેરના પ્રકૃતિપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રવર્તવા પામી છે. જોકે આ સાથે સે.૪ના અન્ય એક તળાવ સહિત વાસણા હડમતિયા ખાતેનું તળાવ, વાવોલની શાંતિવન સોસાયટી સામેનું તળાવ જેવા શહેરના અન્ય કુદરતી તળાવોને પણ નષ્ટ થતાં અટકાવવા અસરકારક પગલાં ભરાય અને આ તળાવોને પાણીથી ભરવા સાથે તેમના બ્યુટીફિકેશન પર ધ્યાન આપવામાં આવે તો શહેરના ભૂગર્ભ જળ સંપદા સહિત તે પર્યાવરણના જતનમાં પણ ખૂબ જ ઉપકારક સાબિત થઈ શકે તેમ છે.

## વીજીઈસીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કારકિર્દીના વિકલ્પો વિશે માર્ગદર્શન



ગાંધીનગર, તા.૯

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ચાંદખેડાના ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા છઠી મે, ૨૦૨૩ના રોજ ફાઈનલ યર ના વિદ્યાર્થી માટે "ઈન્ડસ્ટ્રી રેડી" પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં કોલેજ ના ઈસી વિભાગ ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી અને ફાઈનલ યર ના ૧૨૫ થી વધુ વિદ્યાર્થીને એમ્બેડેડ સિસ્ટમ અને વીએલએસ આઈ ડિઝાઈન કે જે ઈલેક્ટ્રોનિકસ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગના કારકિર્દીના મુખ્ય ક્ષેત્રો છે તેમાં કારકિર્દીના વિવિધ વિકલ્પો વિશે ચર્ચા કરવામાં આવી હતી. ઈ-ઈન્ફોચિપ્સ લિમિટેડ ખાતે ટેકનિકલ મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રી ગૌરાંગ પરમારે "કૉર્પોરેટ વર્ક કલ્ચર" વિશે માહિતી આપી હતી અને પ્લેસમેન્ટ સંબંધિત વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ઈ.સી. વિભાગના ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ કો-ઓર્ડીનેટર, પ્રો. જયેશ દિવાને જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીઝ ની વિવિધ આવશ્યકતાઓને સમજવા અને તેના માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે આ પ્રકારના વર્કશૉપ્સ ખૂબ જ જરૂરી છે. કારણ કે વિદ્યાર્થીઓ સચોટ અને અસરકારક માર્ગદર્શન ની મદદ થી ઈન્ડસ્ટ્રી રેડી બની શકે છે અને ઉજ્જવળ કારકિર્દી મેળવી શકે છે. સેશનનો ઉદ્દેશ્ય ઈજનેરીના વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ માટે તૈયાર કરવાનો હતો.

## ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ ખાતે લેમ્પ લાઈટીંગ અને શથપ સમારોહ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની ચૌધરી ઈન્સ્ટી. ઓફ નર્સિંગમાં બેઝીક બીએસસી નર્સીંગ અને જીએનએમના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો કોલેજ કેમ્પસમાં લેમ્પ લાઈટીંગ અને શપથ સમારોહ યોજાયો હતો. જેમાં સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા. જેમાં મહેમાન તરીકે રીટાબેન પટેલ ધારાસભ્ય, ડો.પ્રજ્ઞા ડાભી-રજીસ્ટ્રાર ગુજરાત નર્સીંગ કાઉન્સિલ, ડો.નરેન્દ્ર સંઘવી-ચેરમેન આનંદ સર્જીકલ હોસ્પીટલ, ડો.કલ્પેશ ગોસ્વામી-મેડીકલ ઓફીસર મ્યુનિ.કોર્પોરેશન ગાંધીનગર, નિરજલાલ-સીઓઓ-એપોલો હોસ્પિટલ ગાંધીનગર, ડો.હરિમોહનસિંહ-પ્રિન્સીપાલ એપોલો ઈન્સ્ટી.ઓફ નર્સીંગ તેમજ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી, મણીભાઈ ચૌધરી, જનરલ સેક્રેટરી માધુભાઈ ચૌધરી તથા ટ્રસ્ટીઓ, એમ. એમ.ચૌધરી સેક્રેટરી ડી. જી.ચૌધરી તથા ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સીંગના પ્રિન્સીપાલ ડો.મયુક જૈન તથા ફેકલ્ટી મેમ્બર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં ભક્તિભાવ પૂર્વક લાભ સૌ બહેનોએ લીધો હતો.




શહેર માં ભક્તિ ભાવનો માહોલ છવાયો છે ત્યારે આનંદ ગરબા મંડળ દ્વારા પણ દરરોજ ભજન કીર્તન કરવામાં આવી રહ્યા છે. જેમાં માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સેક્ટર ૨ સી ખાતે યોજાયો હતો. જેમાં આનંદના ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## જુસિકામાંથી લીધેલા આરોગ્ય સુરક્ષા સાધનો ૨૦મી સુધી પરત કરવા અપીલ

જુનિયર સિટીઝન કાઉન્સિલની યાદીમાં જણાવવાનું કે તા. ૧-૪-૨૦૨૧ થી તા. ૩૧-૩-૨૦૨૨ દરમ્યાન સંસ્થામાંથી આરોગ્ય સુરક્ષાના સાધનો (જેવા કે ટ્રેકશન પલંગ, ઓક્સીઝન સીલીન્ડર, વ્હીલચેર, વૉકર, ટોઈલેટચેર, સ્ટીક, એરબેડ, વૉટરબેડ) વિગેરે ડિપોઝીટ ભરીને લીધેલ હોય અને સાધન રીન્યુ કરાવેલ ન હોય તો આ સાધનની ડિપોઝીટ આગામી તા. ૨૦-૫-૨૦૨૩ સુધી સાધન પરત આપી સંસ્થાના કાર્યાલય ખાતેથી ભરેલ ડીપોઝીટ પરત મેળવી લેવા જણાવવામાં આવે છે. ત્યારબાદ સાધનની ડીપોઝીટ પરત આપવામાં આવશે નહી. સાધનની રીસીપ્ટ સાથે લાવવી જરૂરી છે. હાલમાં સંસ્થા દ્વારા ડિપોઝીટ લઈ આરોગ્ય સુરક્ષાના સાધનો ફક્ત ૨ મહિના માટે આપવામાં આવે છે. તો નગરજનોને વિનંતી કે વપરાશમાં ન લેવામાં આવતા સાધનો તાત્કાલિક પરત આપવામાં આવે તો જરૂરિયાતમંદને તેનો ઉપયોગ થઈ શકે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.વણકર મણીબોન નારણભાઈ ઉ.વ.૭૫, બદપુરા, માણસા
- સ્વ.રાઠોડ દ્વિશાન શૈલેન્દ્ર ઉ.વ.૭, ગાંધીનગર
- સ્વ.કાવેડીયા ચતુરભાઈ રામાભાઈ ઉ.વ.૭૨, સે-૧૩,
- સ્વ.કાતરકર ઉલ્હાસ દામોદર ઉ.વ.૭૯, ગાંધીનગર